



ઈનામી ડ્રો : ગાંધીનગર સમાચાર વાર્ષિક લાવજમ યોજનામાં સભાસદ થનાર ગ્રાહકો માટેનો ઈનામી ડ્રો રવિવારે બપોરે સેક્ટર-૭ સૌરાષ્ટ્ર પટેલ વાડી ખાતે યોજાયો હતો. ૧૦૧ ઈનામો માટે યોજાયેલ ડ્રોમાં બાળકો, વરિષ્ઠ મહિલાઓ અને વડીલો દ્વારા નંબરો ખેંચાયા હતા. સૌરાષ્ટ્ર પટેલ સમાજના પ્રમુખ કુંવરજીભાઈ પટેલ, સાહિત્ય સભાના અગ્રણી સુમંતભાઈ શાહ, જાણીતા મહિલા અગ્રણી શર્મિષ્ઠાબેન દવે સહિત ગાંધીનગર સમાચારના ગ્રાહકો અને વાચકો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર - કશ્યપ નિમાવત)

## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ તુલા**

**આજના ગ્રહોની કુંડળી**




**ચંદ્ર - માંગલ્ય યોગ થાય છે. શુભ માલાયોગ થાય છે. ગુરુ - સૂર્ય અને મંગળ - શુક્ર પરિવર્તન યોગથી ઉચ્ચત્વ પામે છે.**

**મેષ** સાતમે ચંદ્ર માંગલ્ય યોગ આર્થિક રાહત આપે. પાંચમે ગુરુ સંતાન સુખ આપે.

**વૃષભ** સાતમે શુક્ર શનિની યુતિ વિલંબમાં પડેલ કામોનો ઉકેલ લાવે. શત્રુથી લાભ થાય.

**મિથુન** પાંચમે ચંદ્ર માંગલ્ય યુતિ આકસ્મિક લાભ અપાવે. સંતાન સુખ ઉત્તમ છે.

**કર્ક** આનંદના સમાચાર મળે. આર્થિક લાભ મળે. બીજે ગુરુ ધાર્મિક કાર્યો કરાવે.

**સિંહ** રાશિપતિ પાંચમે અને પાંચમાનો માલીક રાશિમાં નવપંચમ યોગ કરે છે. ઉચ્ચ ફળ આપે. બારમે ચંદ્ર - માંગલ્ય યોગ સારો છે.

**કન્યા** રાશિમાં રાહુ, બીજે ચંદ્ર - મંગળ, ત્રીજે શુક્ર - શનિ સારું ફળ આપે. બારમે ગુરુ શુભ અને ધાર્મિક ખર્ચ કરાવે.

**તુલા** રાશિમાં ચંદ્ર - માંગલ્ય યોગ તંદુરસ્તી બક્ષે. યોગ્ય નિર્ણય લેવડાવે. બારમે રાહુની અશુભ અસરો ઓછી કરે. આકસ્મિક ધનલાભ કરાવે.

**વૃશ્ચિક** શનિ ત્રીજે પોતાના ઘરને જોતો હોવાથી ભાઈ-બહેનોનું સુખ સારું મળે. કૌટુંબીક પ્રશ્નો હોય તો ઉકેલાય.

**ધન** વડીલોથી લાભ પ્રાપ્ત થાય. કીર્તિ મળે. બારમે શનિ અવિચારી કાર્ય ન કરાવે તેનું ધ્યાન રાખવું.

**મકર** આઠમે ગુરુ અંશાત્મક વૃદ્ધ હોઈ નુકસાન ન કરાવે. આયુષ્ય વધારે. તંદુરસ્તી વધારે - નવમે રાહુ શેરબજારમાં આકસ્મિક ધન પ્રાપ્તિ કરાવે.

**કુંભ** સાતમે ગુરુ વ્યસનોથી દૂર રહેવા સૂચવે છે. વ્યસનોથી મુશ્કેલીઓ વધે તેવા યોગો છે. સાચવવું.

**મીન** સાતમે રાહુ - છઠ્ઠે ગુરુ - પગનાં દર્દોથી સાવચેતી રાખવાનું સૂચવે છે. શસ્ત્રક્રિયા ન કરાવવી પડે તેનું ધ્યાન રાખવું.

# મોડાસામાં શાળાએ જતી વેળા બે શિક્ષિકાઓ પર લૂંટના ઈરાદે હૂમલો

મોડાસા, તા. ૩

શનિવારે વહેલી સવારે મોડાસાથી ગાજણ પ્રાથમિક શાળામાં ફરજ માટે સ્કૂટી લઈને જઈ રહેલી બે શિક્ષિકાઓ ઉપર રસ્તામાં એક્ટીવા લઈને આવેલા બે અજાણ્યા શખ્સોએ લૂંટના ઈરાદે લાકડાથી હૂમલો કર્યો હતો. જોકે શિક્ષિકાઓએ બૂમાબૂમ કરી મુકતાં લુટારૂઓ ભાગી છુટ્યા હતા. આ ઘટનાથી શિક્ષણ આલમમાં ચકચાર મચી ગઈ હતી.

મોડાસા તાલુકાની ગાજણ પ્રાથમિક શાળા નં. ૪માં ફરજ બજાવતા રમાબેન જનક્ષત્રિય અને શાળા નં. ૩માં ફરજ બજાવતાં મીનાબેન ભાવસાર શનિવારે વહેલી સવારે મોડાસાથી સ્કૂટી લઈ શાળાએ જવા નીકળ્યા હતા. તેઓ ગાજણ સ્ટેન્ડથી ગામ તરફ જવાના માર્ગેથી પસાર થતી હતી, ત્યારે ઢાળ નજીક પાછળની રોંગ સાઈડે એક્ટીવા લઈને આવેલા બે અજાણ્યા શખ્સોએ લૂંટના ઈરાદે સ્કૂટીચાલક રમાબેનના મોંઢા ઉપર લાકડુ ફટકારી હૂમલો કર્યો હતો. અચાનક થયેલા હૂમલાથી ગભરાવાના બદલે રમાબેને મદદ માટે બૂમાબૂમ કરી મુકતાં ગાજણ ગામના લોકો દોડી આવ્યા હતા. આથી હૂમલાખોરો ગાજણ-અમરાપુર માર્ગે ભાગી છુટ્યા હતા.

ગાજણ ગામે શિક્ષિકાઓ પર હૂમલો થયો હોવાની જાણ થતાં જિલ્લા શિક્ષક સંઘના પ્રમુખ હસમુખભાઈ પટેલ સહિત અગ્રણીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત શિક્ષિકાને મોડાસા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર પુરી પડાઈ હતી. મોડાસા રૂરલ પોલીસને ઘટનાની જાણ કરાઈ હતી. મહિલા શિક્ષક ઉપર થયેલા હૂમલાથી નોકરી દરમિયાન અપડાઉન કરતા કર્મચારીઓ અને તેમના પરિવારજનોમાં ફફડાટ ફેલાયો હતો.



**મોડાસાના ગાજણ પાસેની ઘટના : સ્કૂટી લઈ શાળાએ જતાં રસ્તામાં એક્ટીવાસવાર બે શખ્સોએ આંતરી મહિલાએ બૂમાબૂમ કરી મુકતાં લુંટારૂ ભાગ્યા : એકલદોકલ અપડાઉન કરતા શિક્ષકોમાં ફફડાટ**

હૂમલામાં મોઢા પર લાકડુ વાગતા મહિલાને ઈજા થતાં સારવાર અપાઈ હતી.

# ઈડરના રવિ કૃષિ મેળામાં રમણલાલ વોરાએ જય સરદારના નારા લગાવ્યા

## કૃષિ મહોત્સવનો વિરોધ કરતા ૫૦થી વધુ કોંગ્રેસના કાર્યકર્તાઓની અટકાયત કરાઈ

હિંમતનગર, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના ઈડરમાં રવિવારે યોજાયેલા કૃષી મહોત્સવમાં સામાજીક ન્યાય અને અધિકારીતા પ્રધાન રમણલાલ વોરાએ પોતાના ભાષણની અધવચ્ચે જ રોકાઈ જઈને સ્ટેજ પરથી હાથ ઉંચા કરીને જય સરદારના નાણા લગાવડાવ્યા હતા. એકાએક જ પ્રધાને આવી રીતે જય સરદારના નારા લગાવડાવતાં ઉપસ્થિતોમાં પણ અચરજ સર્જાયુ હતુ. જ્યારે કૃષી મહોત્સવનો કોંગ્રેસી કાર્યકરોએ જિલ્લા પંચાયત પ્રમુખની અધ્યક્ષતામાં મહોત્સવનો વિરોધ કર્યો હતો અને કાળા વાવટા ફરકાવ્યા હતા જેને લઈનએ પોલીસે તેમની અટકાયત કરી હતી.

આમ તો પાટીદાર ઈફેક્ટનો માહોલ જ એટલો વ્યાપી રહ્યો છે કે ભાજપના નેતાઓ જય સરદારનો ઘોષ સંભળાયને રસ્તો શોધતા છેલ્લા કેટલાંક દિવસોમાં જોવા મળ્યા છે. તો કેટલાંક પાટીદાર ભાજપના જ નેતાઓએ પણ પાટીદાર પોતે હોવા છતાં પણ જય સરદારના નારા સાંભળતા જ પરિસ્થિતિ સંભાળવાની ચિંતામાં પણ ડુબી જાય છે. પણ સાબરકાંઠાના ઈડરમાં રાજ્યની ભાજપ સરકારના સીનીયર કેબીનેટ પ્રધાને તો પોતે જ પોતાના અડધા ભાષણના અધ વચ્ચે જ અટકીને સ્ટેજ પરથી કાર્યક્રમમાં હાજર રહેનારાઓને હાથ ઉંચા કરીને જય સરદાર જય જય સરદારના નારાઓ બોલાવ્યા હતા. આણ તો જય સરદારનો જય ઘોષ સાંભળતા પાટીદાર આંદોલનનો કાર્યક્રમ હોવાના જ દશ્યો નજરે ચઢે પણ આ તો ગુજરાત સરકારનો કૃષી મહોત્સવ હોવા છતાં પણ તેમાં પાટીદાર નારો જય સરદાર ગુંજવા લાગ્યો હતો. સીનીયર કેબીનેટ પ્રધાન રમણલાલ વોરાએ જય સરદારનો જય ઘોષ કરાવતા જ ઉપસ્થિત મહાનુભાવોમાં પણ અચરજ ફેલાયુ હતું. અને જય ઘોષમાં આખરે જોડાઈ ગયા હતા. જોકે પ્રધાન રમણલાલે આ અંગે સ્પષ્ટતા આપતા જણાવ્યું હતું કે ભારત દેશમાં લોખંડી પુરૂષ એવા સરદાર સાચા ખેડૂત અને ખેડૂતના હમદર્દ નેતા હતા અને એને કૃષી મહોત્સવ એટલે ખેડૂતોના જ કાર્યક્રમમાં જ કેમ ભુલી જવાય માટે સરદારને યાદ કરી સાચી અંજલી આપી છે.



## ગ્રેવિટી ધ સ્કૂલ ઓફ સાયન્સનું ગૌરવ

૨૦મી ઈન્ટરનેશનલ અને ૧૪મી નેશનલ યુસીએમએએસ પરીક્ષા દિલ્હી ખાતે ડિસેમ્બર માસમાં યોજાઈ હતી. જેમાં જુદા જુદા દેશોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ખેડબ્રહ્માની ગ્રેવિટી ધ સ્કૂલ ઓફ સાયન્સના ધોરણ-૮ના વિદ્યાર્થી કુણાલ રમણભાઈ સિસોદીયે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યુ હતુ અને ગ્રામ સહિત તાલુકાનું ગૌરવ વધાર્યું હતું. વિદ્યાર્થીની આ સિદ્ધિ બદલ મહા મૃત્યુ મહા અમૃત વિશ્વ વિદ્યાલયમાં પૂજ્ય ગુરૂજી દ્વારા ટ્રોફિ આપવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના મેને. ટ્રસ્ટી દિનેશભાઈ પટેલ, ગોપાળભાઈ પટેલ, દેવડાભાઈ, પાઠકભાઈ અને અંબુભાઈ પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

## અતીતની આજ (૪ પાનાનું ચાલુ...)

જુગાર પણ ભાજપના વડપણવાળી કેન્દ્ર સરકાર ખેલી લેવા આતુર છે. છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં આસામ વિધાનસભાની કુલ ૧૨૬ બેઠકોમાંથી કૉંગ્રેસને ૭૮ બેઠકો મળી હતી. ભાજપને માત્ર પાંચ અને એજીપીને ૧૦ બેઠકો મળી હતી. મૌલાના અજમલના પક્ષને ૧૮ બેઠકો, જ્યારે બોડો પીપલ્સ ફ્રંટને ૧૦ બેઠકો મળી હતી. તૃણમૂલ કૉંગ્રેસને માત્ર એક અને અપક્ષને ફાળે બે બેઠકો ગઈ હતી.

કૉંગ્રેસ પેટાચૂંટણીમાં વધુ એક બેઠક જીત્યા છતાં એના દસેક ધારાસભ્યો ભાજપમાં જોડાયા અને એ જ રીતે એજીપીનાં ધારાસભ્ય પદ્મા હઝારિકા પણ ભાજપમાં જોડાતાં ઉત્સાહમાં આવેલી ભગવી પાર્ટી હવે 'મિશન-૮૪'ના લક્ષ્ય સાથે આગળ વધી રહી છે. કૉંગ્રેસના પ્રદેશાધ્યક્ષ દત્તાએ તો મુંબઈ અને વિદેશમાં અત્તર સહિતના ઉદ્યોગોનો મોટો કારોબાર ધરાવનારા મૌલાના અજમલને ભાજપ થકી મનાવવા માટે નાણાંની કોથળીઓ ખુલ્લી મૂકાયાના આક્ષેપ કર્યા હોવા છતાં આસામની પ્રત્યેક વિધાનસભા બેઠકમાં ૩૦થી ૩૫ ટકા જેટલા મુસ્લિમ મતદારોના પ્રભાવને જોતાં અજલમના પક્ષને કૉંગ્રેસના નેતૃત્વવાળા સેક્યુલર મહાગઠબંધનમાં લાવવાના આક્રમક પ્રયાસ થઈ રહ્યા છે. વિવિધ યુનિવર્સિટીઓની ચૂંટણીઓમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી) અને સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ભાજપનો સારો દેખાવ આસામની રાજધાની દિસપુરમાં સત્તા કબજે કરવા પક્ષને ઉત્સાહિત કરી રહ્યો છે. આસામ પર ભાજપનો ભગવો લહેરાવવા માટે વિધાનસભાની ૧૨૬ બેઠકોમાંથી ૮૦ બેઠકો આદિવાસી બહુલ જાહેર કરીને અનામત ગણવા સુધીની કેન્દ્રની મોદી સરકારની ગણતરીઓના પ્રત્યાઘાતોનો વિચાર કરાઈ રહ્યો છે. એટલે દિલ્હી કોઈપણ ભોગે દિસપુરમાં ભાજપની સત્તા ચાહે છે.હજુ ચિત્ર સ્પષ્ટ થવાનું બાકી છે.

**(લેખક વરિષ્ઠ પત્રકાર છે અને ભારતમાં સરદાર પટેલ જીવન અને કાર્યો અંગેની સર્વપ્રથમ અને એકમાત્ર સંશોધન સંસ્થાના સંસ્થાપક નિયામક અને પ્રાધ્યાપક રહ્યા છે.)**

ઈ-મેઈલ : haridesai@gmail.com

## ગોટાળાની ફરિયાદ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પર્સનલ રીટર્ન દર્શાવ્યા છે. રાજકીય દબાણને વશ થઈને મળતિયા એજન્સીને કામ આપવામાં આવતુ હોવાનો કકળાટ પણ ઉઠવા પામ્યો છે. અગાઉ રીટર્નના મામલે આ જ એજન્સીનુ ટેન્ડર આઈ સી ડી એમ માં નામંજુર થયુ હોવાનુ પણ રજુઆતમાં જણાંવાયુ છે. ફિઝિકલ ટેન્ડર ખોલવાની પ્રક્રીયા દરમિયાન વેપારીઓને પણ જાણ કરવામાં આવી નથી. જયારે ખુટતા દસ્તાવેજો પણ પાછળથી સ્વીકારવામાં આવ્યા હોવાનુ ધ્યાને આવ્યુ છે.

પોલીયો કાર્યક્રમના બેનર્સ સંદર્ભે અંદાજિત ૧.૨૫ કરોડના આ ટેન્ડરમાં આરોગ્ય વિભાગના અધિકારીઓની મીલીભગતથી ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાનુ પણ જણાંવાયુ છે. આ મામલે આરોગ્ય કમિશ્નરને પણ ટેન્ડર રદ કરવા માટે રજુઆત કરવામાં આવી છે. આમછતા પુરાવાઓ રજુ કરવા છતા કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવતી નથી.

## ગાંધીનગર સમાચાર

## વાર્ષિક લવાજમ ઈનામી ડ્રો

| ઈનામનો ક્રમ | ઈનામની વસ્તુ | વિજેતા નંબર | ઈનામનો ક્રમ | ઈનામની વસ્તુ | વિજેતા નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | વોશિંગ મશીન | ૦૦૪૩૬ | ૫૨ | વોટર જગ | ૦૩૩૪૯ |
| ૨ | ઘરઘંટી | ૦૨૦૫૮ | ૫૩ | વોટર જગ | ૦૫૭૫૨ |
| ૩ | ઘરઘંટી | ૦૧૫૦૪ | ૫૪ | વોટર જગ | ૦૨૫૩૫ |
| ૪ | ઓવન | ૦૯૦૯૪ | ૫૫ | વોટર જગ | ૦૦૬૪૦ |
| ૫ | ઓવન | ૦૨૪૦૯ | ૫૬ | વોટર જગ | ૦૭૮૭૬ |
| ૬ | ઓવન | ૦૨૨૩૩ | ૫૭ | વોટર જગ | ૦૨૪૮૯ |
| ૭ | મીક્ષ્ચર | ૦૩૬૩૯ | ૫૮ | વોટર જગ | ૦૧૨૮૧ |
| ૮ | મીક્ષ્ચર | ૦૨૪૧૩ | ૫૯ | વોટર જગ | ૦૪૯૬૬ |
| ૯ | મીક્ષ્ચર | ૦૧૫૭૦ | ૬૦ | વોટર જગ | ૦૪૪૨૭ |
| ૧૦ | મીક્ષ્ચર | ૦૦૯૬૮ | ૬૧ | વોટર જગ | ૦૧૭૦૧ |
| ૧૧ | મીક્ષ્ચર | ૧૨૬૨૮ | ૬૨ | વોટર જગ | ૦૦૯૯૮ |
| ૧૨ | હેન્ડ બ્લેન્ડર | ૦૫૧૪૫ | ૬૩ | વોટર જગ | ૦૨૯૦૧ |
| ૧૩ | હેન્ડ બ્લેન્ડર | ૦૩૧૩૮ | ૬૪ | વોટર જગ | ૦૬૪૩૯ |
| ૧૪ | હેન્ડ બ્લેન્ડર | ૧૧૩૯૫ | ૬૫ | વોટર જગ | ૦૨૪૭૩ |
| ૧૫ | હેન્ડ બ્લેન્ડર | ૦૫૨૭૪ | ૬૬ | વોટર જગ | ૧૨૮૬૪ |
| ૧૬ | હેન્ડ બ્લેન્ડર | ૧૩૫૦૧ | ૬૭ | વોટર જગ | ૦૪૦૮૬ |
| ૧૭ | હેન્ડ બ્લેન્ડર | ૦૮૮૪૪ | ૬૮ | વોટર જગ | ૦૭૮૮૯ |
| ૧૮ | હેન્ડ બ્લેન્ડર | ૦૬૦૭૬ | ૬૯ | વોટર જગ | ૦૦૯૧૯ |
| ૧૯ | હેન્ડ બ્લેન્ડર | ૦૪૨૭૮ | ૭૦ | વોટર જગ | ૦૯૮૭૨ |
| ૨૦ | હેન્ડ બ્લેન્ડર | ૦૪૭૫૧ | ૭૧ | વોટર જગ | ૦૬૫૪૮ |
| ૨૧ | હેન્ડ બ્લેન્ડર | ૦૫૭૯૦ | ૭૨ | વોટર જગ | ૦૫૭૫૫ |
| ૨૨ | હેન્ડ બ્લેન્ડર | ૧૩૦૪૦ | ૭૩ | વોટર જગ | ૦૨૮૩૮ |
| ૨૩ | હેન્ડ બ્લેન્ડર | ૦૨૮૮૦ | ૭૪ | વોટર જગ | ૦૨૮૮૩ |
| ૨૪ | હેન્ડ બ્લેન્ડર | ૦૮૭૨૫ | ૭૫ | વોટર જગ | ૦૭૮૧૫ |
| ૨૫ | હેન્ડ બ્લેન્ડર | ૦૭૭૫૦ | ૭૬ | વોટર જગ | ૧૦૬૩૭ |
| ૨૬ | હેન્ડ બ્લેન્ડર | ૦૮૩૫૩ | ૭૭ | રોટી તવી | ૦૨૧૩૭ |
| ૨૭ | હેન્ડ બ્લેન્ડર | ૧૩૩૮૬ | ૭૮ | રોટી તવી | ૦૪૪૩૪ |
| ૨૮ | હેન્ડ બ્લેન્ડર | ૦૮૫૬૨ | ૭૯ | રોટી તવી | ૦૨૬૬૬ |
| ૨૯ | હેન્ડ બ્લેન્ડર | ૦૫૪૯૭ | ૮૦ | રોટી તવી | ૦૮૧૬૫ |
| ૩૦ | હેન્ડ બ્લેન્ડર | ૦૪૩૮૧ | ૮૧ | રોટી તવી | ૦૫૩૯૫ |
| ૩૧ | હેન્ડ બ્લેન્ડર | ૦૦૮૩૮ | ૮૨ | રોટી તવી | ૦૭૬૫૪ |
| ૩૨ | કેસરોલ સેટ | ૦૧૨૪૫ | ૮૩ | રોટી તવી | ૦૮૧૩૬ |
| ૩૩ | કેસરોલ સેટ | ૦૦૩૭૮ | ૮૪ | રોટી તવી | ૦૭૪૨૮ |
| ૩૪ | કેસરોલ સેટ | ૦૬૧૮૩ | ૮૫ | રોટી તવી | ૦૬૮૯૨ |
| ૩૫ | કેસરોલ સેટ | ૧૦૨૭૦ | ૮૬ | રોટી તવી | ૦૫૩૩૯ |
| ૩૬ | કેસરોલ સેટ | ૧૩૫૫૨ | ૮૭ | રોટી તવી | ૦૪૪૮૭ |
| ૩૭ | કેસરોલ સેટ | ૦૯૦૯૪ | ૮૮ | રોટી તવી | ૦૬૬૦૬ |
| ૩૮ | કેસરોલ સેટ | ૦૮૯૮૭ | ૮૯ | રોટી તવી | ૦૧૩૦૦ |
| ૩૯ | કેસરોલ સેટ | ૧૨૭૬૮ | ૯૦ | રોટી તવી | ૧૦૨૯૦ |
| ૪૦ | કેસરોલ સેટ | ૧૩૧૨૬ | ૯૧ | રોટી તવી | ૦૪૨૪૩ |
| ૪૧ | કેસરોલ સેટ | ૧૦૭૩૪ | ૯૨ | રોટી તવી | ૦૫૯૨૨ |
| ૪૨ | કેસરોલ સેટ | ૦૯૨૧૩ | ૯૩ | રોટી તવી | ૦૨૨૧૪ |
| ૪૩ | કેસરોલ સેટ | ૦૨૧૫૨ | ૯૪ | રોટી તવી | ૧૩૦૫૮ |
| ૪૪ | કેસરોલ સેટ | ૧૧૫૫૭ | ૯૫ | રોટી તવી | ૦૧૬૧૭ |
| ૪૫ | કેસરોલ સેટ | ૧૨૫૩૭ | ૯૬ | રોટી તવી | ૦૦૨૬૫ |
| ૪૬ | કેસરોલ સેટ | ૧૦૮૦૫ | ૯૭ | રોટી તવી | ૧૩૫૦૭ |
| ૪૭ | કેસરોલ સેટ | ૦૪૩૧૬ | ૯૮ | રોટી તવી | ૧૩૫૪૮ |
| ૪૮ | કેસરોલ સેટ | ૦૦૯૪૦ | ૯૯ | રોટી તવી | ૦૦૩૯૯ |
| ૪૯ | કેસરોલ સેટ | ૦૮૮૧૮ | ૧૦૦ | રોટી તવી | ૦૬૬૮૯ |
| ૫૦ | કેસરોલ સેટ | ૦૮૧૦૦ | ૧૦૧ | રોટી તવી | ૧૩૦૫૩ |
| ૫૧ | કેસરોલ સેટ | ૦૪૫૫૬ | | | |

નોંધ : ઈનામી ડ્રોના વિજેતાઓએ ગાંધીનગર સમાચાર કાર્યાલય પર સવારે ૧૧ થી ૫ દરમિયાન લવાજમ ભર્યાની પહોંચ રજૂ કરવાથી ઈનામ એનાયત કરાશે.

## કર્નલ શહીદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હજુ ત્રાસવાદી એરબેઝની અંદર હોવાના અહેવાલ મળી રહ્યા છે. છુપાયેલા ત્રાસવાદીઓને પકડી પાડવા માટે ઓપરેશન વધુ તીવ્ર બનાવી દેવાયું છે. દિલ્હી પોલીસ કમિશનર બીએસ બસ્સીએ કહ્યું છે કે, ત્રાસવાદ સામેની લડાઈમાં લોકો સહકાર આપે તે જરૂરી છે. આજે એરફોર્સ સ્ટેશનમાં નવેસરથી ઓપરેશન શરૂ થઈ હતું. એનએસએ અજીત દોવાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને હુમલાની માહિતી આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, પંજાબના પઠાનકોટમાં એરફોર્સ બેઝને ટાર્ગેટ બનાવીને ગઈકાલે વહેલી પરોઢે ત્રણ વાગે ત્રાસવાદીઓએ ભીષણ હુમલો કરી દીધો હતો. સુરક્ષા દળો અને ત્રાસવાદીઓ વચ્ચે ત્યારબાદ જોરદાર સામસામે ગોળીબારની રમઝટ શરૂ થઈ હતી. કલાકો સુધી દિલધડક ઓપરેશન ચાલ્યા બાદ પાંચ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. જો કે આ હુમલામાં ત્રણ જવાન શહીદ થયા હતા. બીજા ત્રણ જવાન ઘાયલ થયા હતા. આ ત્રણેય જવાનના સારવાર દરમિયાન આજે મોત થયા હતા. આની સાથે જ શહીદ થયેલા જવાનોની સંખ્યા ૬ ઉપર પહોંચી હતી. અન્ય એક એનએસજી લેફ્ટી કર્નલ શહીદ થયા છે. ગઈકાલે ત્રાસવાદીઓ સેનાના યુનિફોર્મમાં આવ્યા હતા. માર્યા ગયેલા ત્રાસવાદીઓ પાસેથી હથિયારનો જંગી જથ્થો કબજે કરવામાં આવ્યો હતો. આ હુમલા પાછળ હાલમાં ઓછા સક્રિય રહેલા ત્રાસવાદી સંગઠન જેશે મોહમ્મદનો હાથ હોવાના અહેવાલ મળ્યા છે. જો કે, હજુ પણ સંપૂર્ણપણે અહેવાલને સમર્થન મળી રહ્યું નથી. વાયુસેના સ્ટેશન પર જોરદાર ઓપરેશન ચાલી રહ્યું છે. એનઆઈએ દ્વારા હુમલાની તપાસની જવાબદારી સંભાળી છે. એનઆઈએ, એનએસજી અને અન્ય સુરક્ષા સંસ્થાઓ પણ સક્રિય થયેલી છે. પંજાબ સરકારે પઠાણકોટ સરહદ પર કમાન્ડો યુનિટ સ્થાપિત કરી દીધું છે અને શ્વાત ટીમના કમાન્ડો ગોઠવી કાઢ્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ હુમલાના સંદર્ભમાં વધુ માહિતી આપે તેમ માનવામાં આવે છે. બીજી બાજુ હુમલા બાદ દિલ્હીમાં બેઠકોનો દોર શરૂ થયો હતો.

## અંદાજપત્ર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રતિનિધિઓ સાથે વાતચીત કરશે. બજેટ પહેલાની ચર્ચાની બાબતને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. સરકાર દ્વારા બજેટની કવાયતને વધુ સર્વગ્રાહી બનાવવાના હેતુસર વર્ષ ૨૦૧૬-૧૭ના બજેટ માટે લોકો પાસેથી સૂચનો પણ મંગાવ્યા છે. આ સૂચનો સરકારની વેબસાઈટ ઉપર મોકલી શકાય છે. સરકારે પહેલાથી જ ખર્ચ વિભાગના અધિકારીઓ, અન્ય મંત્રાલયો, વિભાગો સાથે વાતચીત કરીને પ્રક્રિયા શરૂ કરી લીધી છે. મિટિંગનો હેતુ યોજના અને બિનયોજના ખર્ચ માટે ૨૦૧૬-૧૭ માટે બજેટ અંદાજને વધુ મજબૂત કરવાનો છે. નાણામંત્રી જેટલી બજેટમાં કેટલીક મહત્વપૂર્ણ જાહેરાતો કરી શકે છે. વૈશ્વિક મંદી વચ્ચે વિકાસદર ૭-૭.૫ ટકા રહી શકે છે.

## દિલ્હીમાં

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

એમ માનવામાં આવે છે કે, આ બંને ત્રાસવાદીઓ કોઇ મોટા હુમલાને અંજામ આપી શકે છે જેથી દિલ્હીમાં પણ સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરી દેવામાં આવી છે. દિલ્હીના પોલીસ કમિશનર બીએસ બસ્સીએ સામાન્ય લોકોને સાવધાન રહેવાની સલાહ આપી છે. તેમણે કહ્યું છે કે, જો કોઇપણ વ્યક્તિને કોઇપણ વ્યક્તિ, વસ્તુ અથવા તેની ગતિવિધિ પર શંકા લાગે તો પોલીસને માહિતી આપવામાં આવે તે જરૂરી છે. નાગરિકોને ખાસ અપીલ કરવામાં આવી છે. લોકોને શકમંદ પ્રવૃત્તિ અંગે ૧૦૦ નંબર પર ફોન કરવા કહેવામાં આવ્યું છે અથવા તો ૧૦૯૦ નંબર પર ફોન કરીને દિલ્હી પોલીસને માહિતી આપવા કહેવામાં આવ્યું છે.

## વધુ એક વખત બ્રેક

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પ્રાદ્યૌગિકી વિભાગ દ્વારા પૂરજોશમાં કામગીરી ચાલી રહી છે. હવે હાઈરાઈઝ બિલ્ડીંગોનો પ્રોજેક્ટ પણ સરકારે હાથ ધર્યો છે.

ગાંધીનગર મહાનગર પાલિકાએ ૮ જેટલા પ્રોજેક્ટ્સ સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત સૂચવ્યા છે જે ઉલ્લેખનીય છે.